પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૦ | ૧૨ નવેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; કારતક સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# પ્રથમ વિશ્વ યુદ્ધના ભારતીય સૈનિકોનો રેકોર્ડ મળ્યો

## ૩.૨૦ લાખ ભારતીય સૈનિકોનો રેકોર્ડ મળ્યો : લાહોરમાં પડેલા દસ્તાવેજો પર કોઈની નજર ન પડી : બ્રિટિશ ઈતિહાસકારોના આ સંશોધને પ્રથમ વિશ્વ યુદ્ધમાં ભારતીય સૈનિકોના વ્યાપક યોગદાનને ફરી સાબિત કર્યું



નવી દિલ્હી, તા.૧૧

બ્રિટિશ ઈતિહાસકારોએ પ્રથમ વિશ્વ યુદ્ધમાં લડેલા ૩.૨૦ લાખ ભારતીય સૈનિકોનો રેકોર્ડ લાહોરના એક સંગ્રહાલયમાંથી શોધી કાઢ્યો છે. આ સંશોધને પ્રથમ વિશ્વ યુદ્ધમાં ભારતીય સૈનિકોના વ્યાપક યોગદાનને ફરી એક વખત સાબિત કરી આપ્યું છે. તેમાં પંજાબ અને તેની આસપાસના સૈનિકોના નામ નોંધાયેલા છે. આ દસ્તાવેજો સંગ્રહાલયમાં છેલ્લા ૯૭ વર્ષથી કોઈની નજરે ચઢ્યા વગર પડ્યા રહ્યા હતા. તેને ડિજિટાઈઝ કરીને વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી રહ્યા છે.

ભારતીય મૂળના કેટલાક બ્રિટિશ પરિવારોએ રેકોર્ડમાં નોંધાયેલા સૈનિકો અને તેમના પિતા, ગામ અને રેજિમેન્ટના નામો દ્વારા પોતાના પૂર્વજોની ઓળખ મેળવી છે. તે સૈનિકો આરબ દેશો, પૂર્વીય આફ્રિકા, ગૈલીપોલી વગેરે ખાતેના યુદ્ધોમાં સામેલ થયા હતા. કેટલાય પરિવારોએ તેમની ૧૦૦-૧૦૦ વર્ષ જૂની તસવીરો અને તેમના દિલચસ્પ કિસ્સાઓ પણ શેર કર્યા હતા. બ્રિટિશ અને આયરિશ સૈનિકોના વંશજો આ જ રીતે રેકોર્ડ દ્વારા પોતાના પૂર્વજોને શોધતા આવ્યા છે.

● અનુસંધાન પાન-૩ પર

# ચાર અંતરીક્ષ યાત્રીને સ્પેસ સ્ટેશન માટે રવાના કરાયા

## એલન મસ્કની કંપની સ્પેસએક્સની વધુ એક સફળતા : આ ક્રૂએ પૃથ્વીની કક્ષા પાર કરી તે સાથે જ ૬૦ વર્ષોના ઈતિહાસમાં ૬૦૦ ને અંતરીક્ષમાં પહોંચવાનો રેકોર્ડ બન્યો

વોશિંગ્ટન, તા.૧૧

એલન મસ્કની કંપની સ્પેસએક્સએ ગુરૂવારે અમેરિકી અંતરીક્ષ એજન્સી નાસા સાથે મળીને ૪ અંતરીક્ષ યાત્રીઓનું ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ)નું મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. આ ક્રૂએ પૃથ્વીની કક્ષા પાર કરી તે સાથે જ ૬૦ વર્ષોના ઈતિહાસમાં ૬૦૦ લોકોનો અંતરીક્ષમાં પહોંચવાનો રેકોર્ડ બની ચુક્યો છે. મજેદાર વાત એ છે કે, સોવિયેત સંઘ (રૂસે) ૧૯૬૧માં અંતરીક્ષમાં પહેલી વ્યક્તિ મોકલી હતી ત્યારે ૬૦૦મી વ્યક્તિ એક જર્મન નાગરિક છે જેને અમેરિકા તરફથી મોકલવામાં આવ્યો છે.



સ્પેસએક્સ તાજેતરમાં જ ૪ અંતરીક્ષ યાત્રીઓને પોતાના અંતરીક્ષ યાન દ્વારા પૃથ્વી પર પાછા પણ લાવ્યું છે. જાણવા મળ્યા મુજબ આ ટીમમાં જે અંતરીક્ષયાત્રીઓને સામેલ કરવામાં આવ્યા છે તેમાં એક અનુભવી સ્પેસવોકર (અંતરીક્ષમાં યાનમાંથી બહાર નીકળીને અભ્યાસ કરી ચુકેલી વ્યક્તિ) અને ૨ યુવાનો સામેલ છે. નાસાએ તેમને પોતાના આગામી ચંદ્ર મિશન માટે પણ પસંદ કર્યા છે. આ સ્પેસએક્સનું કુલ ૫મું માનવ મિશન છે.

નાસાના અહેવાલ પ્રમાણે જર્મનીના મથાયસ માઉરર અંતરીક્ષમાં પહોંચનારા ૬૦૦મા વ્યક્તિ તરીકે પસંદગી પામ્યા છે. તેમના સાથે ગયેલા ત્રણેય ક્રૂ મેમ્બર ૨૪ કલાકની અંદર સ્પેસ સ્ટેશન પહોંચી જશે.

જોકે, નાસા-સ્પેસએક્સનું આ મિશન આશરે એક સપ્તાહના વિલંબ સાથે લોન્ચ થયું છે કારણ કે, મેક્સિકોની ખાડી પાસે કેપ કૈનાવરલની લોન્ચિંગ સાઈટ પર કેટલાય દિવસોથી વાતાવરણ ખરાબ હતું.

# ભારત ચીન અને યુકેને ઈ-વિઝા નહીં આપે

## સરહદ પર તણાવની વચ્ચે ભારતનો મહત્વનો નિર્ણય : તાઈવાન, વિયેતનામ, સિંગાપુર અને અમેરિકા સહિત ૧૫૨ દેશોના નાગરિકો હજુ પણ ઈ વિઝા લઈ શકશે

નવી દિલ્હી, તા.૧૧

સરહદ પર ચાલી રહેલા તણાવ વચ્ચે ભારતે મોટો નિર્ણય લીધો છે. ભારતે ચીનના નાગરિકોને ઈલેક્ટ્રોનિક ટુરિસ્ટ વિઝા (ઈ-વિઝા) નહીં આપવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત કેનેડા, યુનાઈટેડ કિંગડમ, ઈરાન, મલેશિયા, ઈન્ડોનેશિયા અને સાઉદી અરબના નાગરિકોને પણ હવે ભારત ઈ વિઝા નહીં આપે. જો કે તાઈવાન, વિયેતનામ, સિંગાપુર અને અમેરિકા સહિત ૧૫૨ દેશોના નાગરિકો હજુ પણ ઈ વિઝા લઈ શકશે.

ધ ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ આ અગાઉ ભારતે ૧૭૧ દેશોના નાગરિકોને ઈ-વિઝાની સુવિધા આપી હતી. કહેવાય છે કે પીપલ્સ લિબરેશન આર્મી સાથે લદાખમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારત સરકારે આ નિર્ણય લીધો છે. ગત એક વર્ષમાં લદાખ ઉપરાંત અરૂણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ ચીન અને ભારતના સૈનિકો આમને સામને જોવા મળ્યા હતા. કોવિડ દરમિયાન રદ થયા હતા તમામ દેશોના ટુરિસ્ટ ઈ વિઝા ભારતે ૨૦૧૫-૧૬માં ચીની પર્યટકો માટે પ્રાયર રેફરલ કેટેગરી (PRC) નિયમોમાં ઢીલ આપી હતી અને ચીને ઈ-વિઝા મેળવનારા ૧૭૧ દેશોમાં સામેલ કર્યું હતું. ચીન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન,ઈરાક, સૂડાન ઉપરાંત પાકિસ્તાની મૂળના વિદેશી પીઆરસી હેઠળ આવતા હતા. જો કે માર્ચ ૨૦૨૦માં યાત્રા પ્રતિબંધોની જાહેરાત બાદ કોવિડ-૧૯ના પ્રકોપ સમયે તમામ ટુરિસ્ટ ઈ-વિઝા રદ કરવામાં આવ્યા હતા.


